Extra No. 81

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **MONDAY, MARCH 16, 2026 / PHALGUNA 25, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

પોલીસ અધિકક્ષશ્રી, પાટણના પત્ર નં.૧૦૦/સીબી-૪/વશી/૫૭૨/૨૦૨૬ તા. ૧૧/૦૩/૨૦૨૬

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ મુજબનો જાહેરનામું

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૩૭૭૦ થી ૩૮૨૭/૨૦૨૬ ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલય હસ્તકના કમાન્ડન્ટશ્રી બોર્ડર સિક્યોરીટી ફોર્સ (૮ બટાલિયન બી.એસ.એફ.) ગાંધીનગરનાઓના રીપોર્ટથી બટાલિયનના સૈનિકોને ફાયરીંગ પ્રેક્ટીસ માટે તા.૨૩/૦૩/૨૦૨૬ દિન-૦૧ માટે સાંતલપુર તાલુકાના એવાલ બટ ખાતે મંજૂરી આપવા માંગણી કરતાં, આ સમયગાળા દરમ્યાન એવાલ ફાયરીંગ બટ વિસ્તારમાં માણસ, પાલતુ જાનવર પ્રવેશ કરે નહી અને કોઈ અકસ્માત સર્જાય નહી તે હેતુથી સાવચેતીના ભાગરૂપે જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, પાટણએ વંચાણે લીધેલ પત્રથી અત્રે દરખાસ્ત મોકલી આપેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, પાટણની સદરહું દરખાસ્ત અન્વયે અત્રેના સાંતલપુર તાલુકાના એવાલ ફાયરીંગ બટની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં કોઈપણ માણસ, પાલતુ જાનવરો વિગેરેના પ્રવેશ પર મનાઈ ફરમાવવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે, હું હિરેન ચૌહાણ(GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ મુજબ મને મળેલ સત્તાની રૂએ સાંતલપુર તાલુકાના એવાલ ફાયરીંગ બટની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં તા.૨૩/૦૩/૨૦૨૬ દિન-૦૧ સુધીના સમયગાળા માટે કોઈપણ માણસ, પાલતુ જાનવરો વિગેરેના પ્રવેશ પર મનાઈ ફરમાવું છું.

હું એવો પણ આદેશ કરું છું કે આ હુકમ ઉકત નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોટાડીને સદરહું વિસ્તારમાં લાઉડ સ્પીકર વાન મારફતે તેની જાહેરાત કરવી. જે વિસ્તારમાં ફાયરીંગ કરવામાં આવનાર છે તે વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડની હદ નક્કી કરી જાહેર જનતાની જાણ માટે સહેલાઈથી દેખાઈ આવે તે રીતે પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશવાની મનાઈ માટેના બોર્ડ પોલીસ અધિક્ષકશ્રીની કચેરી દ્વારા મુકવાના રહેશે.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ - ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલિસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ : ૧૩/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

(હિરેન ચૌહાણ GAS)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.22 17:31:44 IST